RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૭૧ તા.૧૫–૧૨ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ.પટેલ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)
એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટીપી)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ.પટેલની તા. ૦૧–૧૦–૧૧ની અરજીથી સુમનપાના કમિ.શ્રી તરફથી સુમપાના હદ વિસ્તારવાળા વિસ્તારમાં નવા બાંધકામો કરવા માટે આર્કી. એ પ્લાન સુમનપા પાસે મંજુર કરાવી જે બાંધકામો ચાલે છે તે તમામ આર્કી. પાસે જે પ્લાન મંજુર કરાવેલ તે મુજબનું જ બાંધકામ ચાલે છે તેવી એફીડેવીટ કરી સુમનપા માં રજૂ કરવા જણાવવામાં આવેલ તો કેટલા આર્કી. એ એફીડેવીટ સુમનપામાં રજૂ કરવામાં આવેલ તે તમામ આર્કી. ના નામ સરનામા આપવા તેમજ રજૂ કરવામાં આવેલ એફીડેવીટની નકલ ફાળવવી.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૭૧/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ.પટેલની તા. ૦૧–૧૦–૧૧ની અરજીથી સુમનપાના કમિ.શ્રી તરફથી સુમનપાના હદ વિસ્તારવાળા વિસ્તારમાં નવા બાંધકામો કરવા માટે આર્કી. એ પ્લાન સુમનપા પાસે મંજુર કરાવી જે બાંધકામો ચાલે છે તે તમામ આર્કી. પાસે જે પ્લાન મંજુર કરાવેલ તે મુજબનું જ બાંધકામ ચાલે છે તેવો એફીડેવીટ કરી સુમપા માં રજૂ કરવા જણાવવામાં આવેલ તો કેટલા આર્કી. એફીડેવીટ સુમપામાં રજૂ કરવામાં આવેલ તે તમામ આર્કી. ના નામ સરનામા આપવા તેમજ રજૂ કરવામાં આવેલ એફીડેવીટની નકલ ફાળવવી. તેની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ને અરજી કરેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/જાવક/૧૧૯૯ તા.૩–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં તમામઝોન અને મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ અને શહેર વિકાસ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/.નં.૧૨૯૫ તા.૧૫–૧૦–૧૧ થી આપેલી માહિતી ખોટી તેમજ છુપાવેલ હોવાથી રાજય માહિતી આયોગને સીધી બીજી અપીલ કરેલ અરજીની નકલ સુમપાના અપીલ અધિકારીને તા.૧૫–૧૨–૧૧ ના રોજ પાઠવેલ. જેના સંદર્ભે અત્રે પ્રથમ અપીલ તરીકે દાખલ કરી અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૮ તા.૨૧–૧૨–૧૧ થી બંને પક્ષકારો પાસેથી અપીલ સંદર્ભે પૂરક વિગતો માંગવામાં આવેલ. જે અંગે અરજદારને અપીલ ફોર્મ–ચ ભરી માંગેલ માહિતી તેમજ ખોટી મળેલી માહિતીના દાવા અંગે મીડીયા રીપોર્ટ સિવાયના કોઈ આધાર હોય તો તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના સંદર્ભે અરજદારે તા.૨૮–૧૨–૧૧ નો પત્ર તથા તેની સાથે ફોર્મ–ચ ભરીને રજૂ કરેલ. જેની સાથે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી આપેલ માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૯૫ તા.૧૫–૧૦–૧૧ ના પત્રની નકલ, નોર્થઝોન/આ.નં.૫૧૨૯ તા.૨૪–૧૦–૧૧ ના પત્રની નકલ, રાંદેરઝોન તરફથી વેસ્ટઝોન/૭૧૨ તા.૨૫–૧૦–૧૧ તથા વેસ્ટઝોન/૭૫૦ તા.૧૧–૧૧–૧૧ ના પત્રની નકલ. મધ્યસ્થ શહેર વિકાસ તરફથી ટીડીઓ નં.૩૧૮ તા.૨૫–૧૦–૧૧ ના પત્રની નકલ, અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/૮૪૫ તા.૧૭–૧૦–૧૧ ના પત્રની નકલ,તથા અઠવાઝોનની માહિતી અંગે ભરેલ નાણા અંગેની રસીદ નં.૯૧૩૮૨ તા.૧–૧૧–૧૧ ની નકલ , લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૧૭૨ તા.૨૫–૧૦–૧૧ના પત્રની નકલ, માહિતી અંગે ભરેલ નાણા અંગેની રસીદ નં.૯૨૩૧૭ તા.૫–૧૧–૧૧ ની નકલ, મેળવેલ માહિતી અંગે ચિંતન ડી મહેતા , હિમાંશુ નટવારલાલ શાહ, એન્જી. કે.બી. વાઘાણી ના બાહેધરી પત્રકો, સંજય બી. પંજવાણી, જગદીશ એચ. ગેલાણીના

પ્રમાણપત્રોની નકલ, નિલેશ જે. પટેલ, મહેન્દ્રસિંહ સોલંકી વિ. ના બાંહેધરી પત્રકોની નકલો રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૩૯ તા.૨૧–૧–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ થયેલ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૩૮ તા.૧૧–૧૧–૧૧ ના સમય અવધિ બાદના પત્રની નકલ, અરજદારને સદર પત્રમાં જણાવેલ મુદ્દા નં.૩ અને ૪ સામાજીક કાર્યકરને ફી મુકિત અંગે કરેલ રજૂઆત સબંધે સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારને તા.૧૦–૧–૧૨ ના પત્રથી અરજદારે સામાજીક કાર્યકરને માહિતીના રૂપિયા ભરવા માટે મુકિત મળવી જોઈએ તે બાબતે અરજદારે સ્પષ્ટતા કરેલ છે કે એવા કોઈ કાયદાની જોગવાઈની ખબર નથી તેમજ મે જે માહિતી માંગેલ છે તે લોક હિત માટે હોય એટલે હુ ફ્રી માં માંગુ છું. અરજદારને રાજય માહિતી આયોગમાં કરેલી બીજી અપીલમાં પણ અરજદારે આ.નં.૧૨૯૫ તા.૧૫–૧૦–૧૧ થી આપેલ માહિતી ખોટી હોવાની અને છુપાવેલ હોવાનું જણાવેલ છે. જેના સંદર્ભે અત્રે પ્રથમ અપીલના ફોર્મ રજૂ કરેલ છે તેમાં જાહેર માહિતી અધિકારીના તા.૧૫–૧૦–૧૧ ના નિર્ણયથી નારાજ થઈ માહિતી ખોટી હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. આમ અરજદારને સેન્ટ્રલઝોન તરફથી આપવામાં આવેલી માહિતી ખોટી હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૫–૧૨–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ છે.

અરજદારની તા.૧–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝનો તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૧૯૯ તા.૩–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં તમામઝોન અને મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ અને શહેર વિકાસને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૯૫ તા.૧૫–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં સેન્ટ્રલઝોનના કાર્યક્ષેત્રમાં આવતી મિલ્કતો અંગે તા.૩–૧૦–૧૧ સુધી એક પણ આર્કી. ધ્વારા એફીડેવીટ રજૂ થયેલ નથી તેવું જણાવેલ જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/૭૧૨ તા.૨૫–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં રાંદેરઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવામાં આવતાં રાંદેરઝોન વિસ્તારમાં નવા બાંધકામો કરવા માટે ખાતા ધ્વારા મંજુર કરેલ પ્લાન મુજબનાં બાંધકામો ચાલુ તે પૈકી ઝોનમાં કુલ–૯૬ બાંધકામોના એફીડેવીટ સંબંધિત આર્કીટેકચરો ધ્વારા રજૂ કરવામાં આવેલ છે જેની પ્રતિ નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ –૨૦૫ પાનાના કુલ રૂા.૪૧૦/– રાંદેરઝોન કચેરીએ જમા કર્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. પરંતુ અરજદારે પત્ર પાઠવ્યા બાદ પણ નાણા ભરપાઈ કરી માહિતી મેળવેલ ન હોય પત્ર નં.આરટીઆઈ સેલ/૭૫૦ તા.૧૧–૧૧–૧૧ થી માહિતી મેળવવા કરેલ અરજી બાબતે પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૭૧૨ તા.૨૫–૧૦–૧૧ થી પત્ર પાઠવી તમોને રેકર્ડ /જરૂરી પુરાવાની નકલો મેળવવા નકલ ચાર્જીશ જમા કરાવવા જણાવવામાં આવેલ. પરંતુ આજ દિન સુધી તેઅલ રાંદેરઝોન કચેરીએ નકલ ચાર્જીસ જમા કરાવેલ નથી જેથી આ પત્રમળ્યેથી દિન–૭ માં જરૂરી નકલ ચાર્જીસ રૂા.૪૧૦/– જમા કરાવી જવી અન્યથા આપને રેકર્ડરૂજરૂરી પુરાવાની નકલ મેળવવામાં કોઈ રસ નથી તેમ સમજી આપની અરજી દફતરે કરવામાં આવશે તેવો પત્ર પાઠવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આ.નં.૮૪૫ તા.૧૭–૧૦–૧૧ થી નિયત સમય અવધિમા અરજીમાં જણાવેલ માંગ્યા મુજબની માહિતીના એ/૪ સાઈઝ પાનાની (પાના નંગ–૧૪) નકલના રૂા.૨૮/– અઠવાઝોન કચેરીના ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી નકલ મેળવી શકો છો. તેવું જણાવેલ છેતથા પત્ર નંસા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/ આ.નં.૧૦૬૨ તા.૨૮–૧૨–૧૧ થી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટ–૨૦૦૫ થી તા.૧–૧૦–૧૧ ના રોજ કરેલ અરજીના અનુસંધાને અરજદારને આપવા જોગ આપવા જોગ રહેતી નથી. અઠવાઝોનના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં.૮૪૫ તા.૧૭–૧૦–૧૧ થી અરજીમાં માંગ્યા મુજબનાં માહિતીના એ/૪ સાઈઝ પાનાની નકલ (પાના નંગ–૧૪) ના નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૨૮/– અઠવાઝોન કચેરીએ ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી અરજદાર માહિતીની નકલ મેળવી શકશે. જે બાબતનો જવાબી પત્ર પાઠવવામાં આવેલ. તેના અનુસંધાનમાં અરજદારશ્રી ધ્વારા સેન્ટ્રલઝોનમાં રસીદ નં.૯૧૩૮૨ તા.૧–૧૧–૧૧ ના રોજ દસ્તાવેજી ફી રૂા.૨૮/– ભરપાઈ કરેલ હોય તા.૩–૧૧–૧૧ થી ટપાલ મારફતે માહિતીની નકલ પાઠવી આપવામાં આવેલ. જે અરજદારે સ્વીકાર્યા બદલની એકનોલેજમેન્ટ સ્લીપ મેળવ્યા હોવાનું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી નિયત સમય અવધિમાં પત્ર નં.નોર્થઝોન/આ.નં.૫૧૨૯ તા.૨૪–૧૦–૧૧ થી આ અરજી અન્વયે કતારગામ ને લાગત માંગેલ માહિતી આ સાથે પત્રક મુજબની છે જે માટે કતારગામઝોન કચેરીએથી લાગત આર્કી. /એન્જી. ને કતારગામઝોન કચેરીએથી પત્ર લખવામાં આવેલ. અને તે પ્રમાણે આર્કી. પોતાના બાંહેધરી પત્રક કચેરીમાં રજૂ કરવાના હોય તેઓ મારફત બાંહેધરી રજૂ કરવાનું કામ પ્રગતિમાં છે જેની નકલ નિયત ફી ભરી કતારગામઝોન કચેરીના સંપર્કમાં રહીને મેળવી લેવાની રહેશે. તેવું સમય અવધિમાં જણાવેલ છે. શહેર વિકાસ વિભાગ તરફથી નિયત સમય અવધિમા પત્ર નં.ટીડીઓ/૩૧૮ તા.૨૫–૧૦–૧૧ થી સુમનપાના હદ વિસ્તારમાં બાંધકામ મંજુર કરાવી ચાલતા બાંધકામો બાબતે રજૂ કરેલ એફીડેવીટ તથા એફીડેવીટ રજૂ કરનાર આર્કી./એન્જી. ના નામ સરનામની વિગતો મેળવવા પ્રતિ નકલના રૂા.૨/– લેખે કુલ નકલ નંગ–૫૧૨ ના રૂા.૧૦૨૪ મધ્યસ્થ શહેર વિકાસ અધિકારી કચેરીએ ભરપાઈ કર્યેથી ઉકત નકલો આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવું સમય અવધિમાં જણાવેલ છે. જાહેર

માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૧૭૨ તા.૨૫–૧૦–૧૧ થી સમય અવધિમાં સુમપાના કમિ.શ્રી તરફથી હદ વિસ્તારમાં નવા બાંધકામ કરવા માટે આર્કી. એ સુમપા પાસે પ્લાન મંજુર કરાવી જે બાંધકામો ચાલે છે તે તમામ આર્કી. પાસે પ્લાન મંજુર કરાવેલ છે તે મુજબનું બાંધકામ ચાલે છે તેવી એફીડેવીટ રજૂ કરવા જણાવેલ છે લીબાંયતઝોનમાં તા.૧૭–૧૦–૧૧ સુધીમાં કુલ–૬ આર્કી. એફીડેવીટ જમા કરાવેલ છે. નકલ મેળવવામાં કુલ ૧૮ પેજના રૂા.૩૬/– જમા કરાવી તેની રસીદ મહેકમ વિભાગમાં રજૂ કર્યેથી નકલ મેળવી શકાશે. જેના સંદર્ભે અરનદારે સેન્ટ્રલઝોનની રસીદ નં.૯૨૩૧૭ તા.૫–૧૧–૧૧ થી રૂા.૩૬/– ભરપાઈ કરેલ છે અને મેળવેલ માહિતીની નકલો પણ રજૂ કરેલ છે. જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૩૮ તા.૧૧–૧૧–૧૧ થી નિયત સમય અવધિ બાદ વરાછાઝોન કચેરીએ એફીડેવીટ અનુસાર આર્કી. ની સંખ્યા૧૯ છે તેના નામ સરનામા એફીડેવીટની કોપીમાં દર્શાવેલ છે જે માટે રૂા.૩૬/– વરાછાઝોન કચેરીએ ભરપાઈ કર્યેથી આપવામાં આવશે. તેવું જણાવેલ છે.

જે પૈકી અરજદારે તા.૧૫–૧૨–૧૧ ની અપીલ અરજીમાં નિર્દિષ્ટ સમયગાળામાં સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/૧૨૯૫ તા. ૧૫–૧૦–૧૧ થી એક પણ આર્કી. ધ્વારા એફીડેવીટ રજૂ થયેલ નથી તેવી આપેલી માહિતી અંગે અરજદારે કરેલ અપીલ અરજીમાં (૧)સેન્ટ્રલઝોનમાં ગલીએ ગલીએ બાંધકામ ચાલે છે જેમાં ફેરફાર આવવાના હોય તેમ છતાં આર્કી. પાસેથી ફરજીયાત એફીડેવીટ રજૂ કરવાનું હોય તેમ છતાં અધિકારીઓએ એફીડેવીટ આર્કી. પાસેથી માંગવામાં આવેલ નથી જેથી રેકર્ડ ઉપર નથી . (૨) કતારગામઝોન તરફથી આપેલ માહિતીમાં આર્કી. એફીડેવીટ રજૂ કરવાનું કામ પ્રગતિમાં છે. કતારગામઝોનના મોટી મોટી ફેકટરી, સોસા. એપાર્ટ. બંગલાના કામો ચાલે છે તે તમામ બાંધકામ પ્લાન મુજબ ચાલે છે. કમિ.શ્રીની સુચના હોવા છતાં શા માટે આર્કી. પાસેથી એફીડેવીટ રજૂ કરવા દબાણ કરવામાં ન આવ્યા. (૩) રાંદેરઝોનના જાહેર માહિતી અધિકારી તરફથી રૂા.૪૧૦/– જમા કરવા જણાવવામાંઆવેલ. પરંતુ હું સામાજીક કાર્યકર હોઈ વધારે પૈસા ભરવામાં આવે તો હું ભરી શકતો નથી એટલ ે સંસ્થાને મારી વિનંતી છે કે લોક સેવકનું કામ કરવાનું હોય મને નકલો ફી મળવી જોઈએ. તેવી અરજદારની રજૂઆત આરટીઆઈના કાયદા સાથે સુસંગત નથી. (૪) ડે.કમિ. (પીએન્ડડી) તરફથી રૂ.૧૦૨૪/– ભરવાનું જણાવવામાં આવેલ તેમાં પણ અરજદારે કરેલી રજૂઆત મુદ્દા નં.૩ જણાવેલ છે તે કાયદા સાથે સુસંગત નથી. (૫) અઠવાઝોનના જાહેર માહિતી અધિકારીએ મને રૂા.૨૮/– ભરવા માટે જણાવેલ અને જે મે તા.૧–૧૧–૧૧ ના રોજ રસીદ નં.૯૧૩૮૨ થી જમા કરાવેલ છે પરંતુ તે મળેલ નથી. જે બાબતે અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/ અઠવા/ આરટીઆઈ/ આ.નં. ૧૦૬૨ તા.૨૮–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને ટપાલ ધ્વારા પાઠવવામાં આવેલ છે. તથા તે સ્વીકાર્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપ હોવાનું જણાવેલ છે. (૬) જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ૩૬/– ભરવા જણાવેલ જે ભરીને અરજદારે એફીડેવીટ મેળવેલ છે તે રજૂ કરેલ છે. આર્કી.ઓએ શું પ્લાન મુજબના બાંધકામ કરતાં હશે એ પણ એક સવાલ છે. જે અરજદારે કરેલ પ્રશ્ન અપીલ તબકકે ધારણા આધારીત કરેલ છે. (૭) જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા ઉધનાઝોન તરફથી માહિતી મળેલ નથી તેવું જણાવેલ છે. વરાછાઝોન તરફથી અરજદારને પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૩૮ તા.૧૧–૧૧–૧૧ ના રોજ નાણા ભરી માહિતી મેળવવા પત્ર પાઠવવામાં આવેલ. જે આરટીઆઈ કાયદાની કલમ–૬(૧) ૭(૩) અને નિયમ–૫ હેઠળ સુસંગત નથી. જયારે ઉધનાઝોન તરફથી અરજદાને કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ પણ જણાવેલ નથી. આમ અરજદારે મુળ અરજીમાં ફકત સેન્ટ્રલઝોનની અપીલ અરજી કરી આધાર તરીકે તમામઝોનની વિગતો જણાવેલ છે. જેમાં અઠવાઝોન તથા લીબાયતઝોનમાં અરજદારે નાણા ભરેલ છે અને તેની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. રાંદેરઝોન તથા મધયસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી અરજદારને નિયત સમય અવધિમાં નાણા ભરવા પત્ર પાઠવેલ હોય અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. અરજદારે જે તે વિસ્તારના બાંધકામ બાબતેની રજૂઆત કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧–૧૦–૧૧ થી માંગવામાં આવેલ માહિતી અંગે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી સમય અવધિ બાદ પત્ર પાઠવેલ હોઈ જે કાયદાની કલમ–૭(૧) અને ૭(૩) અને નિયમ–૫ સાથે સુસંગત ન હોઈ તથા ઉધનાઝોન તરફથી માહિતી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અરજદારે માંગેલ માહિતી અત્રેની જાણ હેઠળ દિન–૭ મા અરજદારને પૂરી પાડવા અનુક્રમે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) , એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી નિયત સમય અવધિમાં નાણા ભરપાઈના પત્રો પાઠવેલ હોઈ તેમના પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તથા કતારગામઝોન તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ તે અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી. જયારે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી નિયત સમય અવધિમાં માહિતી આપેલ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–પ હેઠળ કામકાજનો આગોતરો સમય મેળવી ઈન્સ્પેકશન મેળવી આપેલ પ્રત્યુત્તરની ખરાઈ કરી શકે છે. અરજદારની તેવી માંગણી થયેથી જાહેર માહિતી અધિકારીએ ઈન્સ્પેકશન પુરું પાડી થયેલી કાર્યવાહીની અત્રે જાણ કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જણાવવામાં આવે છે.

તેવી જ રીતે જાહેર માહિતી અધિકારી કતારગામઝોનનો દિન–૭ની અવધિમાં સંપર્ક કરી કલમ–૭(૩) સામે નિયમ–પ હેઠળની ફી ભરપાઈ કરી ઉપલબ્ધ નકલો મેળવી લેવા અરજદાર સ્વતંત્ર છે. અરજદારની માંગણી થયેથી હુકમની અમલવારી કરવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૨

પ્રતિ,

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી( લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન), એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટીપી) ....જાણ તથા અમલ માટે

(૨) શ્રી સુરેશ એમ. પટેલ,